# સુરત મહાનગરપાલિકા

## સ્થાયી સમિતિ

## સુચના

સુરત મહાનગરપાલિકાની **સ્થાયી સમિતિની** અઠવાડિક સાધારણ સભા **શુક્રવાર તા.૨૭–૯–૨૦૨૪ ના રોજ સાંજના ૫–૦૦ કલાકે** મહાનગરપાલિકા કચેરીના નવા એનેક્ષી બિલ્ડીંગના **"સ્થાયી સમિતિ સભા ખંડ"** માં નીચે જણાવેલ કામો પર વિચારણા કરવા સારૂ મળશે.

૦૧. મ્યુ.ક.શ્રીનો તા.૧૯–૯–૨૦૨૪ નો પત્ર, પશ્ચિમ ઝોનમાં મેટ્રો કોરીડોરમાં/શહેરના વિકાસના કામો/રોડ વાઈડનીંગની કામગીરીમાં નડતરરૂપ હયાત સીટી બસ સ્ટોપ દૂર કરી અન્ય વૈકલ્પિક લોકેશન ઉપર શીફટ કરવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર જનક કન્સ્ટ્રકશનને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૨૦,૦૧,૭૨૦–૧૨ થી ૨૫% ઉંચા ભાવે એટલે કે રૂા.૨૫,૦૨,૧૫૦–૧૫ ના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૨. મ્યુ.ક.શ્રીનો તા.૨૧–૯–૨૦૨૪ નો પત્ર, સાઉથ ઝોન–એ, સબઝોન–૨ માં આવેલ દિનદયાલનગર, ઈન્દીરાનગર, દક્ષેશ્વરનગર, આવિર્ભાવનગર, નાગસેનનગર, પ્રેમનગર, ભેદવાડ અને વિવિધ જગ્યાએ વી.ડી.એસ. કોંક્રિટ પેવીંગ, પી.સી.સી. તથા કોટા સેટ/રીસેટ કરવાના કામે આવેલ કુલ–૫ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર મુકેશકુમાર બદ્રીપ્રસાદ વિશ્વકર્માનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૫૯,૧૩,૦૪૨–૬૧ થી ૩૫.૪૧% નીચુ એટલે કે રૂા.૩૮,૧૯,૨૩૪–૨૨ તેમજ GST અલગથી ચુકવવાનું ટેન્ડર કબુલ રાખવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૩. મ્યુ.ક.શ્રીનો તા.૨૦–૯–૨૦૨૪ નો પત્ર, નેચરપાર્ક કમ પ્રાણી સંગ્રહાલય ખાતે માસિક લાયસન્સ ફી ના ધોરણે ૧(એક) વર્ષના સમયગાળા માટે નવા એન્ટ્રી ગેટ ઉપર બનાવવામાં આવેલ ફુડ પ્લાઝા(સ્ટોલ નં.૦૧ થી ૧૦) નું સંચાલન કરવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી ઉંચા ભાવની લાયસન્સ ફી ભરનાર ટેન્ડરર AGARWAL RESTAURANT CANTEEN ને કુલ રૂા.૪,૦૨,૧૧૧/– પ્રતિ માસ (18% GST અને 2% TCS તેમજ અન્ય વેરા અલગથી) ભરવાની શરતે ૧(એક) વર્ષ માટે પરવાનો/લાયસન્સ ફાળવવા અને સદર ટેન્ડરર ધ્વારા કામગીરી સંતોષકારક કરીએથી પ્રથમ વર્ષની મંજુર માસિક લાયસન્સ ફી ની રકમમાં ૧૦% વધારા સાથે વધુ ૧(એક) વર્ષ માટે ઉકત કામગીરી સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૪. મ્યુ.ક.શ્રીનો તા.૨૦–૯–૨૦૨૪ નો પત્ર, સાઉથ ઝોન–એ વિસ્તારમાં આવેલ ઉધના બમરોલી વિસ્તારમાં ફાઈલ સાથે સામેલ પત્રક–૧ અનુસારના લોકેશનો ઉપર પાણી પુરવઠો પુરો પાડવાના કામે વાર્ષિક ઈજારાથી ૩(ત્રણ) વર્ષની મુદત માટે સ્લુઝ વાલ્વ/બટર ફલાય વાલ્વ ઓપરેટ કરવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર ડી.આર.કાલપાંડે, સુરત પાસે કુલ–૩૫ વાલ્વ માટે પ્રતિ માસ રૂા.૮૩,૦૬૮/– લેખે ત્રણ વર્ષ માટે કુલ રૂા.૨૯,૯૦,૪૪૮/– ના ખર્ચે ઉકત કામગીરી કરવવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૫. મ્યુ.ક.શ્રીનો તા.૨૦–૯–૨૦૨૪ નો પત્ર, સાઉથ ઝોન–એ વિસ્તારમાં આવેલ ખટોદરા જળવિતરણ મથક વિસ્તારમાં આવેલ જુદી જુદી એમ.એસ./ડી.આઈ. પાઈપલાઈન ઉપરના સ્લુઝ વાલ્વ/બટરફલાય વાલ્વ વાર્ષિક ઈજારાથી ૩(ત્રણ) વર્ષની મુદત માટે વાલ્વ ઓપરેટ કરવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડર ડી.આર.કાલપાંડે, સુરત પાસે કુલ–૨૭ વાલ્વ માટે પ્રતિ માસ રૂા.૮૫,૦૫૦/– લેખે કુલ ૩(ત્રણ) વર્ષ માટે કુલ રૂા.૩૦,૬૧,૮૦૦/– ના ખર્ચે ઉકત કામગીરી કરાવવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૬. મ્યુ.ક.શ્રીનો તા.૨૦–૯–૨૦૨૪ નો પત્ર, સાઉથ ઝોન–એ, પાંડેસરા WDS વિસ્તારમાં તેમજ સાઉથ ઝોન(કનકપુર)–બી ભેસ્તાન WDS વિસ્તારમાં પાણી પુરવઠો પુરો પાડવાના કામે વાર્ષિક ઈજારાથી ૩(ત્રણ) વર્ષની મુદત માટે સ્લુઝ વાલ્વ/બટરફલાય વાલ્વ ઓપરેટ કરવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર ડી.આર.કાલપાંડે, સુરત પાસે કુલ–૪૪ વાલ્વ માટે પ્રતિ માસ રૂા.૯૭,૨૦૪/– લેખે કુલ ૩(ત્રણ) વર્ષ માટે કુલ રૂા.૩૪,૯૯,૩૪૪/– ના ખર્ચે ઉકત કામગીરી કરાવવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૭. મ્યુ.ક.શ્રીનો તા.૨૦–૯–૨૦૨૪ નો પત્ર, સાઉથ ઝોન(કનકપુર)–બી વિસ્તારમાં ઉન તેમજ ગભેણી ગામતળ વિસ્તારમાં ફાઈલ સાથે સામેલ પત્રક–૧ અનુસારના લોકેશનો ઉપર પાણી પુરવઠો પુરો પાડવાના કામે વાર્ષિક ઈજારાથી ૩(ત્રણ) વર્ષની મુદત માટે સ્લુઝ વાલ્વ/બટરફલાય વાલ્વ ઓપરેટ કરવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર ડી.આર.કાલપાંડે, સુરત પાસે કુલ–૨૨ વાલ્વ માટે પ્રતિ માસ રૂા.૭૮,૪૮૮/– લેખે કુલ ૩(ત્રણ) વર્ષ માટે કુલ રૂા.૨૮,૨૫,૫૬૮/– ના ખર્ચે ઉકત કામગીરી કરાવવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૮. મ્યુ.ક.શ્રીનો તા.૨૦–૯–૨૦૨૪ નો પત્ર, સુરત મહા. સંચાલિત સ્મીમેર કેમ્પસમાં આવેલ વિવિધ બિલ્ડીંગોમાં કલરની કામગીરી વાર્ષિક ધોરણે કરાવવાના કામે આવેલ કુલ–૪ ટેન્ડરો પૈકી કવોલિફાઈડ થયેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર મેસર્સ એમ.બી.ડોબરીયાને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૪૫,૪૯,૩૦૦/– (GST સિવાય) થી ૨૬.૨૦% નીચા ભાવે એટલે કે રૂા.૩૩,૫૭,૩૮૩–૪૦ ના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૯. મ્યુ.ક.શ્રીનો તા.૪–૯–૨૦૨૪ નો પત્ર, વહીવટી સરળતા ખાતર જુદા જુદા અધિકારીશ્રીઓને ધી જી.પી.એમ.સી.એકટ (અધિનિયમ) – ૧૯૪૯ ની કલમ–૭૩(સી) મુજબના કરારો તથા કામોના અંદાજો ખર્ચ કરવા અંગે દરખાસ્તના મુદ્દા નં.(૧) થી (૫) માં જણાવ્યા મુજબ અધિકારીશ્રીઓને સત્તાની સોંપણી કરી મુદત લંબાવવા નિર્ણય લેવા બાબત.

૧૦. મ્યુ.ક.શ્રીનો તા.૨૧–૯–૨૦૨૪ નો પત્ર, ધી પ્રોહીબીશન ઓફ એમ્પલોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન રૂલ્સ–૨૦૧૩ અન્વયે સુરત મહા.ના ડ્રેનેજ અને સેપ્ટીક ટેન્ક/ગટરની સફાઈ સાથે સંકળાયેલ સફાઈ કામદારો અને બેલદારોના થતા આકસ્મીક મૃત્યુ તથા દિવ્યાંગતાના કિસ્સામાં રૂા.૩૦.૦૦ લાખ, રૂા.૨૦.૦૦ લાખ અને રૂા.૧૦.૦૦ લાખનું વળતર મહા. ધ્વારા ચુકવવા અંગે આવા તમામ મહા.ના ગટર સફાઈ સાથે સંકળાયેલ સફાઈ કામદાર અને બેલદારોનો વિમો લીધેલ ન હોય તો ગટરોની સફાઈની કામગીરી સાથે સંકળાયેલ સફાઈ કામદારોનો આ કામગીરી દરમ્યાન અપમૃત્યુ–અકસ્માત થાય તો વળતરની રકમ મહા./નગરપાલિકાના સ્વભંડોળમાંથી ચુકવવાનું રહેશે જે બાબતે ડ્રેનેજ સફાઈ કામદારોનો ઈન્સ્યોરન્સ ન લેતા હાલ રૂા.૨ કરોડનું સીકીંગ ફંડ ઉભુ કરવા તથા તે રકમમાંથી વળતર ચૂકવણીની કાર્યવાહી કરવા અને જરૂર પડયે રકમમાં વધારો–ઘટાડો કરવા તથા તે અંગેની તમામ આનુષાંગિક કાર્યવાહી કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૧૧. મ્યુ.ક.શ્રીનો તા.૨૦–૯–૨૦૨૪ નો પત્ર, સુરત મહા.ના સાઉથ વેસ્ટ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ શહેરી ગરીબો માટે EWS કેટેગરીના ટી.પી.સ્કીમ નં.૦૪(ઉમરા–સાઉથ), ફા.પ્લોટ નં.૧૩૪ પનાસ કેનાલ રોડ ખાતે આવેલ કુલ–૭૦૪ EWS આવાસોનું પુનઃનિર્માણ/પુનઃવિકાસ રાજય સરકારની જાહેર આવાસોના પુનઃવિકાસ(રીડેવલપમેન્ટ ઓફ પબ્લીક હાઉસીંગ) યોજના–૨૦૧૬ હેઠળ કરવા સમાવેશ કરવા તથા તે અંગે સરકારશ્રી સાથે યોજનાને લગતી બાબતો અંગે પત્રવ્યવહાર કરવા તેમજ જરૂરી સર્વે કરાવવા, ટેન્ડરો તૈયાર કરી એપ્રુવ કરાવવા અને ટેન્ડર નોટીસ થકી પ્રસિધ્ધ કરવા તથા તેને આનુસાંગિક તમામ કામગીરી કરાવવા તેમજ તે અંગે થનાર જરૂરી ખર્ચ સક્ષમસત્તાની મંજુરીની આધિન કરવા મંજુરી મળવા અને તેને અનુસાંગિક તમામ કાર્યવાહી કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

આ દે શ થી,

શ્રી. ર. પટેલ

ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,

સુરત મહાનગરપાલિકા.

મહાનગરપાલિકા કચેરી,

સુરત, તા.૨૪–૯–૨૦૨૪.